**આગલી પેઢી સમૃદ્ધ હોય તે પછીની પેઢી ક્યારેક નકામી નીકળે છે. વડીલોએ સંચિત કરેલી સંપત્તિ દારૂ, જુગાર જેવા કુમાર્ગે વેડફે છે પરંતુ આવાં લોકોનો અંત બહુ જલદી આવે છે અને બહુ ખરાબ રીતે આવે છે**

# ભણી નહિ, પરણી નહિ અને પિતાનો વારસો શરાબમાં ડુબાડતી રહી!

મૂળ સંબંધ તો સુનીલ ચેટરજી અને પૃથ્વીસિંહ ગેહલોત વચ્ચે હતો. બંને કેન્દ્ર સરકારની નોકરી કરનારા સીનીઅર ઓફિસરો હતા. વર્ષો સુધી ગુજરાતમાં પોસ્ટિંગ થવાને કારણે અને ગુજરાતની રહેણીકરણી માફક આવી જવાને કારણે અહીં અમદાવાદમાં સ્થાયી થયા હતા. બંને પરિવારોએ એક સોસાયટીમાં મકાન બનાવડાવ્યાં હોવાથી રાધિકા ચેટરજી અને બીના ગેહલોત તથા એનો ભાઈ ફૂલસિંહ ગેહલોત દોસ્તો હતા પણ એ દોસ્તી પાકી ન થઈ. કારણ એ હતું કે બીના અને ફૂલસિંહ અહીંની જિંદગીમાં, અહીંના સમાજમાં ગોઠવાઈ ન શકયાં. શરૂઆતમાં પિતાનું પેન્શન અને પછી પિતાએ કરેલાં નાણાંરોકાણોના વ્યાજમાંથી જિંદગી ઠીકઠીક વહી પરંતુ ભણતર ફાવ્યું નહિ. વ્યાજની આવક યથાવત રહી અને મોંઘવારી વધતી રહી. અધૂરામાં પૂરું, બંનેને ‘લશ્કરી’ જિંદગીનો ચસ્કો રહ્યો, જેનું પ્રમુખ લક્ષણ શરાબખોરી રહ્યું. વળી વતનથી દૂર હોવાથી બંનેના લગ્ન પણ ન થઈ શકયા.

આવી સ્થિતિમાંથી જે ભગ્નાશા યાને ફ્રસ્ટ્રેશન જન્મે તેના આ બંને જણાં શિકાર બન્યાં. પરિણામે બીના બહુ શરાબ પીતી અને ફૂલસિંહ ખૂબ જુગાર રમતો અને એને પરિણામે ક્રમશઃ બંગલો અને બેન્ક બેલેન્સ ખાલી થવા લાગ્યાં. અલબત્ત, બંગલાની વિશાળતાએ એવી છાપ જાળવી રાખી જાણે આ લોકો ખૂબ ધનવાન છે. એવામાં કરુણ ઘટના બની ગઈ.

બીનાનું ખૂન થયું.

પાડોશની એક બાળાએ ચેટરજી બંગલે આવીને રાધિકાને ખબર આપ્યા. બીનાબેનને ઘેર તો પોલીસ આવી છે. ‘‘કેમ?’’ રાધિકાએ પૂછ્યું.

‘‘કહે છે કે રાતે ચોર આવેલા અને એમણે બીનાબેનને... મારી નાખ્યાં!’’ છોકરીએ સમાચાર આપ્યા. ‘‘ચોર આવેલા, એમ?’’ રાધિકા વિમાસી રહી. પછી ખ્યાલ આવ્યો કે આ ભાઈ-બહેન આર્થિક રીતે ઘસાઈ ગયાં છે, એ તો અંગત લોકો જ જાણતાં હતાં. ચોર બિચારો કયાંથી જાણે!

રાધિકાએ ઘડિયાળમાં જોયું. સવારના આઠ વાગ્યા હતા. પોલીસ આવી ગઈ હતી એટલે એ તો નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર દિનકર દેસાઈની ટીમ જ હોય ને! રાધિકા વિચારી રહી. દિનકર મજાનો દોસ્ત છે પણ એની ઘણી મર્યાદાઓ છે. એ કદાચ મારી બહેનપણીને ન્યાય ન પણ આપી શકે. આખી જિંદગી મોટાઈના વહેમનો શિકાર બનેલી બીના કોઈ ચોરનો શિકાર બની હોય, એ વિચાર જ અસહ્ય હતો.

એણે તરત અજય વર્માને ફોન જોડયો. ‘‘શ્રીમાન સૂર્યવંશી! જાગ્યા તો છો ને? મારતી મોટર સાઈકલે અમારે ઘેર આવો. મોતનો મામલો છે.’’

---

અજય-રાધિકા થોડી મિનિટોમાં જ ગેહલોત પરિવારને બંગલે પહોંચી ગયાં. એક સમયના ભવ્ય મકાનના હવે પોપડા ઊખડવા લાગ્યા હતા. અંદરનું ઘણું ફર્નિચર વેચાઈ જવાને કારણે મોટા ઓરડાઓ મોટા લાગતા હતા. ગરીબ લાગતા હતા. એ જ રીતે ગરીબ બની ગયેલી બીના અપમૃત્યુને કારણે ઓર ગરીબ લાગતી હતી.

એનું મૃત્યુ શાથી થયું એ સમજવું અઘરું નહોતું. એ ઓરડાની અંદર ચત્તીપાટ પડી હતી. બાજુમાં જ એક પાવડો પડયો હતો. બાગકામ માટે એ વપરાતો હશે એ સ્પષ્ટ હતું. લાશની નજીક જ જૂનું, મોટું ફ્રીઝ હતું. એનું બારણું ખુલ્લું હતું. એની આઈસ ટ્રેમાં જામેલો બરફ પ્રભાતના પ્રકાશમાં ચળકચળક થતો હતો. એકંદર ખાલી એ ફ્રીઝની છાજલીઓ પર શરાબની બોટલો પડી હતી. નજીકના પ્લેટફોર્મ પરના ગેસના ચૂલા પર કાંઈ નહોતું. દૂધની તપેલી ચૂલાની બાજુમાં પડી હતી.




## બીનાની બીના

અજય-રાધિકા પહોંચ્યાં ત્યારે ફોરેન્સિક લેબના ડૉકટર દેસાઈ બોલી રહ્યા હતા, ‘‘ઈન્સ્પેકટર! મારો પૂરો રીપોર્ટ તો પોસ્ટ મોર્ટમ પછી મોકલીશ પણ પ્રાથમિક તપાસને આધારે કહી શકું કે મૃત્યુ પેલા પાવડા વડે માથા પર જોરદાર ઘા મારીને નિપજાવવામાં આવ્યું છે. વળી લાશ જે સ્થિતિમાં પડી છે એ જોતાં, અનુમાન કરી શકાય કે મરહૂમ ફ્રીઝનો દરવાજો ખોલીને કશુંક કાઢી કે મૂકી રહ્યાં હશે એ દરમિયાન પાછળથી ઘા મારવામાં આવ્યો છે.’’

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

દિનકરે સંમતિસૂચક મસ્તક હલાવતા કહ્યું, ‘‘મરહૂમના ભાઈએ જે પ્રાથમિક રીપોર્ટ નોંધાવ્યો છે એ પરથી પણ તમારા અનુમાનને અનુમોદન મળે છે, ડૉકટર મરહૂમના ભાઈ ફૂલસિંહે લખાવ્યું છે કે એ ગઈ રાતના સાડા આઠેક વાગે બહાર ગયા હતા. જતાં જતાં એમણે જોયું હતું કે સોસાયટીને નાકે બેત્રણ લુખ્ખા જેવા લોકો ઊભા છે પરંતુ એમને ચિંતા થઈ નહોતી કારણ કે ઘરમાં લૂંટવા જેવું કશું નથી! પણ બની શકે કે લુખ્ખાઓ આ પરિવારને મકાનને આધારે મૂલવતા હશે. મોટું મકાન એટલે મોટો દલ્લો! એ લોકોએ કોઈક રીતે પાછલું બારણું ખોલી નાખ્યું હશે અને બીનાબેન જેવા રસોડામાં આવ્યાં અને ફ્રીઝમાંથી કશુંક લેવા માટે નીચા નમ્યાં એવા જ લુખ્ખાઓ એમના પર તૂટી પડયા હશે. કદાચ એક જ લુખ્ખો પણ હોય...’’

‘‘અને બીનાબેન ફ્રીઝમાંથી શું કાઢવા આવી હશે એ પણ સમજી શકાય એમ છે, ’’ બોલતા એક વ્યકિતએ આ ઓરડામાં પ્રવેશ કર્યો...એની બોલવાની ઢબ પરથી જણાતું હતું કે સવારના પહોરમાં પણ એણે સારી પેઠે શરાબ પીધો છે. બે ધ્રૂજતાં ડગલાં આગળ ભરતાં એણે આગળ ઉમેર્યું, ‘‘હું લાખ રૂપિયાની શરત ઉપર કહેવા તૈયાર છું કે એ શરાબનો શીશો કાઢવા જ આવી હશે નાલાયક ભણી નહિ, પરણી નહિ અને પપ્પાના વારસાને શરાબમાં ડુબાડતી રહી!’’

આમ બોલતાં એ બીનાની લાશ પાસે થઈને ફ્રીઝ સુધી પહોંચ્યો અને અંદરની છાજલી પરથી શરાબનો શીશો ઉઠાવ્યો. દિનકર અને અજય તો આ માણસની નિર્મમતા જોઈ જ રહ્યા. રાધિકા આ લોકોથી પરિચિત હતી છતાં સગી બેનની લાશ ઓળંગીને શરાબ લેવા જતા ભાઈને સહી ન શકી એ બોલી, ‘‘ફૂલભાઈ! બેનની લાશની તો આમન્યા રાખો.’’

ફૂલસિંહે ભવાં ચડાવ્યાં. ‘‘આમાં તું શું સમજે, ચિબાવલી! બીના રોજેરોજ મારું કેટલું લોહી પીતી હતી એની તને શી ખબર હોય? હું તો કહું છું, જે થયું તે ઠીક જ થયું હવે હું આખી રાત દોસ્તો સાથે પાનાં રમીશ અને કચકચ કરનાર કોઈ નહિ હોય.’’

‘‘મિસ્ટર ફૂલસિંહ!’’ અજયે પ્રભાવશાળી લશ્કરી સ્વરે પડકાર કર્યો. ‘‘તમે અત્યારે પૂરા હોશમાં નથી લાગતા.’’

‘‘હું હંમેશાં હોશમાં જ રહું છું, શ્રીમાન! પણ તમે કોણ છો?’’

‘‘હું પ્રાઈવેટ ડિટેક્ટીવ છું. આ મારો અધિકારપત્ર.’’

‘‘તે હશે, પણ મેં કોઈ પ્રાઈવેટ ડિટેક્ટીવને બોલાવ્યો નથી. યુ મે ગેટ આઉટ ઓફ માય હોમ.’’

‘‘હવે લાશનું વધારે અપમાન કરવાની જરૂર નથી.’’ દિનકરે બ્રેક મારી. ‘‘માની લો કે અજય અને રાધિકાને પોલીસ ઈન્સ્પેકટર તરીકે મેં મદદમાં બોલાવ્યાં છે અને મને ગમે તેની મદદ લેવાનો હક છે. અજય, તારે ફૂલસિંહને કશું પૂછવું છે?’’

‘‘માત્ર એક વાત. ગઈ કાલ સાંજથી આજ સવાર સુધી પોતે કયાં હતા અને શું કર્યું, એ જણાવો.’’ ‘‘ઓલ રાઈટ, ડિટેક્ટીવના બચ્ચા! તું છીંડા શોધવા માગે છે, એમ ને? પણ હું નિર્દોષ છું. ગઈ સાંજે રસોઈ બાબત મારે ને બીનાને પાછો ઝઘડો થયેલો એટલે સાડા આઠે હું નીકળી ગયો. સોસાયટીને નાકે બે ત્રણ લુખ્ખાને બીડીઓ ફૂંકતા જોયેલા પણ લુખ્ખા તો કયાં નથી હોતા? એ લોકોએ ઘેરા રંગના પાટલૂન અને ટી-શર્ટ પહેર્યા હતા. બીનાના ખૂનીનું આટલું જ વર્ણન મારી પાસે છે.’’

‘‘તમારી પોતાની વાત!’’ અજયે એને ટપાર્યો.

આ સાંભળીને ફૂલસિંહે ડોળા તતડાવ્યા. ઘડીભર લાગ્યું કે પાછો ફટકી બેસશે પણ એણે આગળ કહ્યું, ‘‘પહેલાં તો હું મારા દોસ્ત આદમને ઘેર ગયો. અમે એક રેસ્ટોરાંમાં સાથે જમ્યા. રેસ્ટોરાંનું બિલ મારી પાસે છે. આ રહ્યું. પછી સાડા નવના ખેલમાં ફિલમ જોઈ... એનાં બે અડધિયાં... આ... આ રહ્યાં... પછી બીજા બે દોસ્તોને બોલાવીને સવારોસવાર પાનાં રમ્યાં. એ બધાંને સાક્ષી બનવા બોલાવી શકાશે... બસ, સવારના સાતેક વાગે ઘેર પાછો આવ્યો ત્યારે બીનાને ફ્રીઝ સામે મરેલી પડેલી જોઈ. તરત જ પોલીસને ફોન કર્યો.’’

અજયે ઘડિયાળ જોઈ. હજુ સાડા નવેક વાગ્યા હતા. એટલામાં દિનકર બોલ્યો, ‘‘તને શું લાગે છે, અજય.’’ ફૂલસિંહભાઈએ ખૂનીનું જે આછુંપાતળું વર્ણન કર્યું તે બધાં પોલીસ સ્ટેશનોને જણાવી દઈએ?’’

‘‘કશી જરૂર નથી, દિનકર,’’ અજયે બિચારી બીનાના દારૂડિયા જુગારી ભાઈ તરફ ઘૃણાભરી નજર ફેંકતા કહ્યું. ‘‘બીનાનું ખૂન રાતે નથી થયું. છેલ્લા બે-એક કલાકમાં જ થયું છે. ફૂલસિંહ ઘેર આવ્યા પછી!’’

**(વાચક મિત્રો! અજય આવા તારણ પર શાથી આવ્યો? શું ફૂલસિંહ દારૂડિયો હોવા માત્રથી શંકાસ્પદ બની જાય છે? કે અન્ય કશો પુરાવો છે? વિચારો. દરમિયાનમાં જોઈએ ગત રહસ્યકથાનો ઉકેલ.)**

**રહસ્યકથા ‘અશકય આત્મહત્યા’નો ઉકેલ**

જહાંગીરખાન પોકારી ઊઠયો, ‘‘ખૂન મેં નથી કર્યું!’’ ‘‘મિસ્ટર મિરઝા! તમે રાતના સાડા નવ અને પોણા દસની વચ્ચે પાછળની ટેરેસને રસ્તે આવીને, વૃદ્ધ ચાચાની શરાબની પ્યાલીમાં ઝેર નાખીને, ફરજિયાત ઝેર એમને ગળે ઉતાર્યું છે. પછી ચાચા જેવા જ અક્ષરે રોમન ઉર્દૂમાં કાવ્યપંકિત લખીને નાસી ગયા છો. પછી સવા અગિયારે પાછા થઇને અજાણ્યા થવાનો ડોળ કર્યો છે પણ તમને ડોળ કરતા નથી આવડ્યું. તમે સારી પેઠે જાણો છો કે ચાચા પોતાના ઓરડાનું બારણું બંધ ન કરતા. એ બારણું તમે જ બંધ કર્યું હતું એટલે જ તમે આવતા વાર બોલી ઊઠયા કે બંધ બારણે પોઇઝન લેવાની શી જરૂર પડી? તમને કયાંથી ખબર કે ચાચાના ઓરડાનું બારણું બંધ હતું?’’